VNSGUમાં પેરામેડિકલ કોર્સ માટે નવા બોર્ડની રચના કરાઈ

અલાઈડ અને હેલ્થકેર પ્રોફેશનલ્સના ૧૩ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે NEET ફરજિયાત

૧૩ અભ્યાસક્રમમાં સમાવેશ કરાયેલા કોર્સ આ પ્રમાણે છે

● ઓક્યુપેશનલ થેરાપી ● મેડિકલ લેબોરેટરી સાયન્સ ● ફિઝિયોથેરાપી ● એપ્લાઈડ સાયકોલોજી અને બિહેવિયરલ હેલ્થ ● ઓપ્ટ્રોમેટ્રી ● ન્યુટ્રિશિયન એન્ડ ડાયેટિક્સ ● ડાયાલિસિસ થેરાપી ટેકનોલોજી અને ડાયાલિસિસ થેરાપી ● રેડિયોથેરાપી ટેકનોલોજી ● મેડિકલ રેડિયોલોજી અને ઈમેજિંગ ટેકનોલોજી ● એનેથિસિયા અને ઓપરેશન થિયેટર ટેકનોલોજી ● હેલ્થ ઈન્ફર્મેશન મેનેજમેન્ટ ● ફિઝિશિયન એસોસિએટ્સ

સુરતઃ કેન્દ્ર સરકાર દ્વારા ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી સહિત ૫૭ પેરામેડિકલ કોર્સ માટે રચાયેલા નેશનલ કમિશન ફોર અલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સની સૂચના અનુસાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માં બે નવા બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કરવામાં આવી છે. આ પગલું રાજ્યની તમામ યુનિવર્સિટીઓને અલાઈડ અને હેલ્થકેર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે માનકીકરણ અને ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યું છે.

થોડા સમય અગાઉ યોજાયેલી ગુજરાત અલાઈડ એન્ડ હેલ્થકેર કમિશનની બેઠકમાં રાજ્યની તમામ યુનિવર્સિટીઓના અધિકારીઓએ ભાગ લીધો હતો. આ બેઠકમાં નેશનલ કમિશન હેઠળની ગુજરાત સ્ટેટ અલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ દ્વારા તમામ યુનિવર્સિટીઓને અલાઈડ અને હેલ્થકેર કોર્સ માટે બોર્ડ ઓફ સ્ટડીઝ અથવા બોડી ઓફ એજ્યુકેશનની રચના કરવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. આ બોર્ડમાં અલાઈડ અને હેલ્થકેર ક્ષેત્ર સાથે સંબંધિત અને શૈક્ષણિક કાર્યમાં જોડાયેલા સભ્યોને સમાવિષ્ટ કરવું ફરજિયાત છે.

VNSGUમાં અલાઈડ અને હેલ્થકેર પ્રોફેશનલ્સના કુલ ૧૩ અભ્યાસક્રમોમાંથી હાલમાં ૪ અભ્યાસક્રમો ચાલુ છે. આમાંથી ફિઝિયોથેરાપી અને ઓપ્ટોમેટ્રી માટે બોર્ડ ઓફ સ્ટડીઝ અગાઉથી જ રચાયા હતા.

જ્યારે બાકીના બે અભ્યાસક્રમ- ઓક્યુપેશનલ થેરાપી અને મેડિકલ રેડિયોલોજી એન્ડ ઈમેજિંગ ટેકનોલોજી માટે અલગ અલગ બોર્ડની રચના તાજેતરમાં કરવામાં આવી છે. યુનિવર્સિટીએ આ અંગે ગુજરાત કાઉન્સિલને પત્ર દ્વારા જાણ કરી દીધી છે.

આ ઉપરાંત, VNSGUએ અલાઈડ અને હેલ્થકેર પ્રોફેશનલ્સના ૧૩ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)ને ફરજિયાત કરવાની જાહેરાત કરી છે. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી આ તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ NEETના પરિણામના આધારે ફાળવવામાં આવશે. અગાઉ આ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવતો હતો. આ નિર્ણયથી વિદ્યાર્થીઓમાં પારદર્શિતા અને રાષ્ટ્રીય સ્તરે સમાનતા આવશે તેવી અપેક્ષા છે.

વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડનું રાજીનામું

રાજીનામું આપવા પાછળનું કારણ અન્ય હોદ્દાના કામની વ્યસ્તતા હોવાનું જણાવ્યું

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડ (આહીર)એ ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધુ છે. રાજીનામું આપવા પાછળનું કારણ અન્ય હોદ્દાના કામની વ્યસ્તતા હોવાનું જણાવવામાં આવ્યું છે. આજે જ્યારે જેઠા ભારવાડે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને પોતાનું રાજીનામુ આપ્યુ તે વખતે સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા ગુજરાત ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ ઉપસ્થિત રહયા હતા. જેઠા ભરવાડ પંચમહાલના શહેરાના ધારાસભ્ય છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ રાજીનામાનો સ્વીકાર પણ કરી લીધો છે. હવે ભાજપના ધારાસભ્યોમાંથી નવા નેતાને ઉપાધ્યક્ષ પદ સોંપવામાં આવશે.

વિધાનસભા અધ્યક્ષને રાજીનામુ આપ્યા બાદ જેઠા ભરવાડે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું તે મેં સ્વેચ્છાએ રાજીનામું આપ્યું છે. અન્યને તક મળે એટલે આ નિર્ણય લીધો છે. મારા રાજીનામા વિશે કોઈ વિખવાદ નથી. અત્રે જણાવવાનું કે તેઓ પંચામૃત ડેરીના ચેરમેન પણ છે.

રાજય સરકારના કેબીનેટ પ્રવકતા મંત્રી જીતુ વાઘાણી એ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહીરે કામની વ્યસ્તતા અને વિવિધ જવાબદારીઓના કારણે ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું છે. આ રાજીનામાનો વિધાનસભાના અધ્યક્ષે સ્વીકાર કર્યો હતો.

વાઘાણીએ વધુમાં કહ્યું હતું કે, જેઠા આહીર અમારા સંનિષ્ઠ સહકારી આગેવાન છે અને તેઓ પંચમહાલ ડેરી, નાફેડ સહિત અન્ય સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જેથી કામના ભારણ અને વ્યસ્તતાના લીધે અગાઉ ઘણી વખત પક્ષમાં રજૂઆત કરી હતી. આથી પક્ષ દ્વારા તેમની રજૂઆતને ગ્રાહ્ય રાખીને રાજીનામું સ્વીકારવામાં આવ્યું છે. જેઠાભાઈએ આજે રાજીખુશીથી સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સ્વેચ્છાએ આ રાજીનામુ આપ્યું છે. તેઓ સહકારી આગેવાન સાથે હાલ ધારાસભ્ય પણ છે એટલે એ જવાબદારી સુપેરે નિભાવશે. આ ઉપરાંત જેઠાભાઈનું માર્ગદર્શન પક્ષમાં, જાહેર જીવનમાં અને સહકારી ક્ષેત્રે આગેવાન તરીકે જ્યારે જરૂર પડે ત્યારે સદૈવ મળતું રહેશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

સુરત સ્ટેશનનો પાર્કિંગ કોન્ટ્રાક્ટર ભાગી ગયો, મુસાફરો બેહાલ

MMTH કામગીરીનું કારણ આપી કોન્ટ્રાક્ટરે ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ માત્ર આઠ માસમાં જ છોડી દીધો, રેલવેએ મંજૂરી પણ આપી દીધી

વાહન પાર્કિંગનો સ્ટાફ ગાયબ થઈ જતાં અંધાધૂંધી જેવી હાલત, ટુ-વ્હીલર ચાલકો પોતાના અને બીજાના વાહનો ઢસડતા દેખાય છે

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર પાર્કિંગ વ્યવસ્થા માટે આપવામાં આવેલા ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટના કોન્ટ્રાક્ટરે માત્ર આઠ મહિનામાં જ કોન્ટ્રાક્ટ છોડવો પડ્યો છે. આના કારણે દરરોજ હજારો મુસાફરોએ મોટી અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. કોન્ટ્રાક્ટર સત્કાર એન્ટરપ્રાઇઝે સ્ટેશન પર ચાલી રહેલા બાંધકામને કારણે આ પગલું ભર્યું છે, જેના પરિણામે પાર્કિંગ વિસ્તાર અસ્તવ્યસ્ત બની ગયો છે. રેલવે અધિકારીઓએ મુસાફરોની સુવિધા માટે અસ્થાયી વ્યવસ્થા કરી છે, પરંતુ સ્થાનિક રહેવાસીઓ અને મુસાફરો તાત્કાલિક ઉકેલની માંગ કરી રહ્યા છે.

પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ સુરત રેલવે સ્ટેશનની પાર્કિંગ સિસ્ટમ માટે 23 માર્ચ, 2025થી ત્રણ વર્ષ માટેનો કોન્ટ્રાક્ટ સત્કાર એન્ટરપ્રાઇઝને સોંપવામાં આવ્યો હતો. જેમાં વાર્ષિક ખર્ચ આશરે રૂ.1.27 કરોડનો હતો.

કોન્ટ્રાક્ટ અંતર્ગત પાર્કિંગ વિસ્તારનું વ્યવસ્થાપન, વાહનોની અવરજવરનું નિયંત્રણ અને શુલ્ક વસૂલાતની જવાબદારી કોન્ટ્રાક્ટર પર હતી. જો કે હાલ રિડેવલોપમેન્ટના કારણે માત્ર આઠ મહિનામાં જ તેણે કોન્ટ્રાક્ટ છોડવો પડ્યો છે. કોન્ટ્રાક્ટ છોડવા પાછળનું મુખ્ય કારણ સ્ટેશન પરિસરમાં ચાલી રહેલો મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ (MMTH) પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશન બિલ્ડીંગની સામે એલિવેટેડ ફ્લાય ઓવર બ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે, જેના કારણે કેટલાક વિસ્તારોમાં વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આના કારણે પાર્કિંગમાં પ્રવેશતા વાહનોની સંખ્યામાં ઘટાડો થવાની આશંકા છે.

મુસાફરોએ વાહન કાઢવા અન્ય વાહનો જાતે ખસેડવા પડે છે, મૂકવાની જગ્યા પણ નથી

પાર્કિંગ કોન્ટ્રાક્ટ સમાપ્ત થયા પછી સ્ટેશનની પાર્કિંગ સિસ્ટમ સંપૂર્ણપણે પ્રભાવિત થઈ છે. હાલમાં કોઈ સ્ટાફ ન હોવાને કારણે પાર્કિંગ વિસ્તારમાં વાહનો આડેધડ પાર્ક કરવામાં આવી રહ્યા છે, જેના કારણે અરાજકતા ફેલાય છે. ટુ-વ્હીલર સવારોને સૌથી વધુ અસુવિધા થઈ રહી છે, કારણ કે તેઓને પોતાના વાહનો પાર્ક કરવા માટે જગ્યા મળતી નથી અને કેટલીક વખત અન્ય વાહનોને ખસેડવા કે સીધા કરવા પડે છે. એક મુસાફરે જણાવ્યું કે, અમે ટ્રેન પકડવા આવીએ ત્યારે પાર્કિંગમાં વાહન મૂકવું મુશ્કેલ બને છે. કેટલીક વખત અન્ય વાહનોને ધક્કો મારીને જગ્યા બનાવવી પડે છે અને પરત ફરતા વાહન ન મળે તો વધુ મુશ્કેલી થાય છે. સ્ટેશન પર આવતા પરિવારો અને વરિષ્ઠ નાગરિકોને પણ આ અવ્યવસ્થાને કારણે તકલીફ પડી રહી છે.

રેલવે તંત્રએ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી, ઝડપની નવો કોન્ટ્રાક્ટ આપવાની તૈયારી

મુસાફરોની અસુવિધા જોઈને રેલવે વહીવટી તંત્રએ તાત્કાલિક પગલાં લીધા છે. તેઓએ પાર્કિંગને મફત કરી દીધું છે અને નવા કોન્ટ્રાક્ટરની પસંદગી માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. એક અધિકારીએ જણાવ્યું કે, અમે શક્ય તેટલી ઝડપથી નવો કોન્ટ્રાક્ટ આપીશું. હાલમાં સ્ટેશન સ્ટાફ અને પોલીસની મદદથી વ્યવસ્થા કરી રહ્યા છીએ. ટેન્ડર પ્રક્રિયા આગામી થોડા અઠવાડિયામાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

MMTH પ્રોજેક્ટ 2026 સુધીમાં પૂર્ણ થયા બાદ પાર્કિંગની સમસ્યા કાયમી ઉકેલાઈ જશે

રેલવે અધિકારીઓનું કહેવું છે કે MMTH પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી સુરત સ્ટેશન વિશ્વસ્તરીય બનશે. આ પ્રોજેક્ટ અંતર્ગત બેઝમેન્ટ પાર્કિંગ સહિત આધુનિક સુવિધાઓનું નિર્માણ થશે, જેમાં હજારો વાહનો માટે જગ્યા હશે. એલિવેટેડ ફ્લાયઓવર અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ટ્રાફિકનું વ્યવસ્થાપન સરળ બનશે. પરંતુ હાલની સ્થિતિમાં બાંધકામને કારણે અસુવિધા વધી છે. અધિકારીઓ કહે છે કે આ પ્રોજેક્ટ 2026 સુધીમાં પૂર્ણ થશે અને ત્યારબાદ પાર્કિંગ સમસ્યા કાયમી રીતે ઉકેલાઈ જશે.

કોન્ટ્રાક્ટ અચાનક છોડી દેવાતા સમસ્યા

સુરત રેલવે સ્ટેશન ગુજરાતનું એક મુખ્ય જંક્શન છે, જ્યાં દરરોજ હજારો મુસાફરો આવે છે. પાર્કિંગ વ્યવસ્થા આવા વ્યસ્ત સ્ટેશન માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને કોન્ટ્રાક્ટરનું અચાનક છોડવાનું એક મોટી સમસ્યા બની છે. અગાઉ કોન્ટ્રાક્ટરના સ્ટાફ દ્વારા પાર્કિંગને વ્યવસ્થિત રાખવામાં આવતું હતું, જેમાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર માટે અલગ વિસ્તારો હતા.

રેલવે તંત્રએ પોલીસની મદદ લીધી તો ક્રેન વાહનો ઊંચકી જાય છે

સ્ટેશન મેનેજમેન્ટે આ સમસ્યાને નિયંત્રિત કરવા માટે ટ્રાફિક પોલીસની મદદ લીધી છે. તેઓએ ક્રેન બોલાવીને કેટલાક આડેધડ પાર્ક કરેલા વાહનોને દૂર કર્યા છે. જો કે, આના કારણે કેટલાક મુસાફરોને તેમના વાહનો પરત મેળવવામાં મુશ્કેલી પડી છે. એક ઘટનામાં, એક મુસાફરને તેનું ટુ-વ્હીલર ક્રેન દ્વારા ઉપાડી લેવામાં આવ્યું હતું અને તેણે ભટકવું પડ્યું હતું. આવી ઘટનાઓથી મુસાફરોમાં અસંતોષ વધી રહ્યો છે. આ ઉપરાંત, બાંધકામને કારણે પાર્કિંગ વિસ્તારના કેટલાક ભાગોમાં પ્રવેશ પ્રતિબંધિત છે, જેના કારણે વાહનોની સંખ્યા ઘટી છે. પરંતુ જે વાહનો આવે છે તેમને વ્યવસ્થિત કરવું અશક્ય બની રહ્યું છે. સ્થાનિક વેપારીઓ અને રિક્ષાચાલકો પણ આ અસરથી પ્રભાવિત છે, કારણ કે તેઓને મુસાફરોને ડ્રોપ કરવામાં મુશ્કેલી પડે છે.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, કોન્ટ્રાક્ટરે લેખિતમાં આ કારણો આપ્યા છે અને તેમને કોઈ વળતર કે વિરોધ વિના કોન્ટ્રાક્ટ છોડવાની પરવાનગી આપવામાં આવી છે.

ડિંડોલીમાં પેકર્સ એન્ડ મૂવર્સના ઓથા હેઠળ ચાલતા

200 કરોડના હવાલા-ક્રિપ્ટો નેટવર્કમાં વધુ એક આરોપી ઝડપાયો

SOGની તવાઈમાં આરોપીઓ ભાંગી પડ્યા; હાથ જોડીને રડ્યા

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં 'ક્રિષ્ના પેકર્સ એન્ડ મૂવર્સ'ના નામે ચાલતી દુકાન હકીકતમાં કાળાં નાણાંની હેરફેરનું કેન્દ્ર બની હોવાનો ખુલાસો થતાં SOGની તપાસ વધુ તીવ્ર બની છે. અગાઉના મોટા ખુલાસા બાદ હવે વધુ એક આરોપીની ધરપકડ સાથે 200 કરોડના હવાલા-ક્રિપ્ટો રેકેટમાં સંડોવાયેલા નેટવર્કના આંતરરાષ્ટ્રીય તાર વધુ સ્પષ્ટ થયા છે.

ગ્રીનવેલી બિલ્ડિંગના પહેલા માળે છેલ્લા બે વર્ષથી ધમધમતું હવાલા રેકેટ પેકર્સ એન્ડ મૂવર્સના વ્યવસાયના ઓથા હેઠળ ચાલતું હતું. તપાસમાં ખૂલ્યું કે, મુખ્ય સૂત્રધાર પ્રતીક વસાવાએ કાયદાની નજરથી બચવા માટે વ્યવસાયિક મહોરું ધારણ કર્યું હતું. જ્યારે વાસ્તવમાં તે દેશના નાણાકીય તંત્રને નુકસાન પહોંચાડતો હતો. દુબઈમાં બેઠેલો 'બિગ બ્રો' નામનો રહસ્યમય શખ્સ આ સમગ્ર નેટવર્કનું સંચાલન કરતો હતો. 'બિગ બ્રો' દ્વારા મોકલાતી APK ફાઈલ મારફતે સુરતમાં ભાડે રાખેલા બેંક એકાઉન્ટ્સનો સીધો એક્સેસ મેળવી ગેમિંગ અને શેરબજારના નામે છેતરાયેલા લોકોની રકમ આ ખાતાંમાં જમા કરાવવામાં આવતી હતી. પ્રતીક વસાવા આર્થિક રીતે નબળા લોકોનાં એકાઉન્ટ્સ 20થી 25 હજાર રૂપિયામાં ભાડે લઈ 'મ્યુલ એકાઉન્ટ્સ' બનાવતો હતો. રકમ જમા થતાં જ તે ઝડપથી રોકડ ઉપાડી લેતો હતો. જેથી સાયબર ક્રાઈમ એલર્ટ પહેલાં જ નાણાં સિસ્ટમ બહાર નીકળી જતાં હતાં.

તપાસમાં વધુ ચોંકાવનારો ખુલાસો એ થયો કે રોકડને આંતરરાષ્ટ્રીય સ્તરે મોકલવા માટે લિંબાયતના સલીમ ઉર્ફે સમીર મારફતે USDT ક્રિપ્ટો કરન્સી ખરીદવામાં આવતી અને તે સીધી દુબઈના વોલેટમાં ટ્રાન્સફર થતી હતી. પ્રતીક વસાવા અગાઉ સાયબર ફ્રોડમાં જેલ જઈ આવ્યો હોવા છતાં બહાર આવી ફરી એ જ ગુનાખોરીમાં લાગ્યો હતો. તેની સામે નોંધાયેલા છ ગુના તેની ગુનાહિત માનસિકતાની સાક્ષી આપે છે.

તાજેતરની કાર્યવાહી દરમિયાન વધુ એક આરોપીની ધરપકડ થતાં પકડાયેલા આરોપીઓ SOG અધિકારીઓ સામે હાથ જોડીને રડવા લાગ્યા હતા. SOG ડીસીપી રાજદીપસિંહ નકુમના માર્ગદર્શન હેઠળ તપાસ ટીમ હવે પ્રતીકના તમામ સંપર્કો, સ્થાનિક 'મોટાં માથાં' અને સંભવિત સંરક્ષણ આપનારાઓની વિગતો તપાસી રહી છે.

પોલીસે દુબઈના મુખ્ય સૂત્રધાર સહિત કુલ નવ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. આગામી દિવસોમાં સુરતના કેટલાક જાણીતા વ્યાપારીઓનાં નામ બહાર આવવાની શક્યતા પોલીસ વ્યક્ત કરી રહી છે.

પકડાયેલા આરોપીઓ અને નવી ધરપકડ

SOGએ અત્યાર સુધી પ્રતીક પ્રફુલભાઈ વસાવા, દીપક પાંડે, રૂપેશ હાંડગે અને ભૂષણ પાટીલની ધરપકડ કરી હતી. તપાસ આગળ વધતાં લિંબાયતના સલીમ ઉર્ફે સમીર આર.ટી.ઓ.ની પણ ધરપકડ કરવામાં આવી છે, જે રોકડ સામે USDT ક્રિપ્ટો ખરીદી આપતો હોવાનું બહાર આવ્યું છે. તાજેતરમાં વધુ એક આરોપી ઝપટાતાં નેટવર્ક વધુ ઊંડું હોવાનું સ્પષ્ટ થયું છે. ધરપકડ સમયે આરોપીઓ તૂટી પડ્યા હતા અને SOG અધિકારીઓ સામે હાથ જોડીને રડતા જોવા મળ્યા હતા. પોલીસનું કહેવું છે કે, આ માત્ર શરૂઆત છે અને તપાસમાં હજી વધુ નામો બહાર આવશે.

હવાલા-ક્રિપ્ટો મોડસ ઓપરેન્ડી

પેકર્સ એન્ડ મૂવર્સની દુકાન ગરીબ લોકોના ભાડે લીધેલાં બેંક એકાઉન્ટ્સ APK મારફતે રિમોટ એક્સેસ ગેમિંગ/શેર ફ્રોડની રકમ જમા તાત્કાલિક રોકડ ઉપાડ સલીમ ઉર્ફે સમીર દ્વારા USDT ખરીદી દુબઈના 'બિગ બ્રો'ના વોલેટમાં ટ્રાન્સફર થતા હતા. આ આખી પ્રક્રિયા એટલી ઝડપી હતી કે સાયબર એલર્ટ પહેલાં જ રકમ બહાર નીકળી જતી હતી. પોલીસે જણાવ્યું કે, આ મોડસ ઓપરેન્ડીથી કરોડો રૂપિયા દેશની બહાર મોકલાયા છે અને આંતરરાષ્ટ્રીય સાયબર માફિયાઓ સુધી કડી જોડાય છે.

ડિંડોલી હવાલા-ક્રિપ્ટો કૌભાંડમાં પોલીસની શંકાસ્પદ ભૂમિકા!

ડિંડોલીમાંથી એસઓજીએ ઉઘાડી પાડેલા 200 કરોડના હવાલા-ક્રિપ્ટો કથિત કૌભાંડની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ સ્થાનિક ડિંડોલી પોલીસની ભૂમિકા પર ગંભીર સવાલો ઊભા થયા છે. તપાસ દરમિયાન મળેલા કેટલાક પુરાવાઓએ પોલીસ આલમમાં ખળભળાટ મચાવી દીધો છે. ખાસ કરીને ડિંડોલી સર્વેલન્સ સ્ટાફના કેટલાક કર્મચારીઓની વિવાદિત ભૂમિકા અંગે ચર્ચાઓ ગરમાઈ છે.

આશ્ચર્યજનક વાત એ છે કે, કરોડો રૂપિયાનો આ કથિત કૌભાંડ છેલ્લાં બે વર્ષથી સતત ચાલતો હતો અને ડિંડોલી પોલીસ સ્ટેશનની નજીકથી જ તેની ગતિવિધિ થતી હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી નથી.

આ બેદરકારી કે સંભવિત મૌન સહમતિ બંને સ્થિતિએ પોલીસની વિશ્વસનીયતા પર મોટો દાગ લાગ્યો છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ એસઓજીના હાથમાં આવા દસ્તાવેજી અને ડિજિટલ પુરાવા લાગ્યા છે જે આ કથિત કૌભાંડની વ્યાપકતા તેમજ તેમાં થયેલી સંભવિત પોલીસ લાપરવાહી તરફ ઈશારો કરે છે. હવે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક તપાસ અને જવાબદારી નક્કી કરવાની માંગ તેજ બની છે.

હવાલા-ક્રિપ્ટો કૌભાંડમાં 'પાવર પેકેજ'!

ડિંડોલીમાંથી ખુલાસા પામેલા 200 કરોડના હવાલા-ક્રિપ્ટો કથિત કૌભાંડમાં દરરોજ નવા ચોંકાવનારા પર્દાફાશ થઈ રહ્યા છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, આ કૌભાંડના મુખ્ય ઓનરે પોલીસ અને કેટલાક રાજકીય આગેવાનો માટે ખાસ "સ્પેશિયલ ગાડીઓ"ની વ્યવસ્થા રાખી હતી. જરૂર પડે ત્યારે ફોન કરતાની સાથે જ મોંઘી ગાડીઓ હાજર થઈ જતી હોવાની ચર્ચાએ પોલીસ અને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવ્યો છે. આ ગાડીઓ માત્ર વાહન નહોતી, પરંતુ કથિત રીતે 'પ્રભાવ, પહોંચ અને રક્ષણ'નું સાધન બની ગઈ હતી. સવાલ એ છે કે, જ્યારે કાયદાના રક્ષકો અને સત્તાધીશો કથિત રીતે સુવિધાઓનો લાભ લેતા હોય, ત્યારે સામાન્ય નાગરિક માટે કાયદો કેટલો નિષ્પક્ષ રહે? એસઓજી પાસે મળેલા પુરાવાઓ આ 'સ્પેશિયલ વ્યવસ્થા' પાછળના ગાઢ સાઠગાંઠ તરફ સ્પષ્ટ ઈશારો કરી રહ્યા છે. હવે ઉચ્ચસ્તરીય તપાસ અને કડક કાર્યવાહી અનિવાર્ય બની ગઈ છે.

વ્યારામાં સંભવતઃ ગાયનો કપાયેલો પગ મળતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

ગૌરક્ષકો અને સ્થાનિક લોકો ટોળે વળ્યાં

સુરત,વ્યારાઃ વ્યારા શહેરમાં મોડી રાત્રે જનક હોસ્પિટલ સામે આવેલ મેડિકલ સ્ટોર નજીકના બ્લોક પાસેથી પશુનો કપાયેલો પગ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતા જ મોટી સંખ્યામાં લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં અને ગૌરક્ષકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રસ્તા પર પડેલો પગ ગાયનો હોવાનું અનુમાન છે.

વ્યારાની જનક હોસ્પિટલની સામેના વિસ્તારમાં રસ્તા પર ગાયનો કપાયેલો પગ પડ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા જ આસપાસના રહીશો અને ગૌરક્ષકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ગૌરક્ષકોએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને જાણ કરી હતી. જેના પગલે પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ઘટના સ્થળે હાજર ગૌરક્ષકોએ આક્ષેપ કર્યો છે કે, શહેરમાં ક્યાંક છૂપી રીતે ગેરકાયદે કતલખાનું ચાલી રહ્યું હોય તેવી પૂરેપૂરી શક્યતા છે. ભરચક વિસ્તારમાં આ રીતે ગૌવંશનો પગ ફેંકી જવો એ હિન્દુ ધર્મની લાગણી દુભાવવાનો અને શાંતિ ડહોળવાનો નીચ પ્રયાસ હોવાનું લોકો માની રહ્યા છે. આ પ્રકારની ઘટના સાંખી લેવાય તેમ નથી. પોલીસ આ મામલે કડક તપાસ કરે એ જરૂરી છે. પોલીસે ઘટના સ્થળેથી પુરાવા એકત્ર કરી તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

વસરાઈમાં આદિવાસી મેળાનું મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન

અનાવલઃ સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજ્ય અને સહયોગી સંસ્થાઓ દ્વારા આયોજિત રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળો-૨૦૨૫ તથા આદિ સંસ્કૃતિ મહોત્સવનું ઉદઘાટન આજે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે થશે. આ મેળો તા.૨૬થી ૨૯ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન અંબિકાના વસરાઈ ખાતે 'દિશા' ધોડિયા સમાજ ખાતે યોજાશે. મેળામાં આદિવાસી ઉદ્યોગો, હસ્તકલા, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ઉદ્યોગ માર્ગદર્શન યોજાશે, જેમાં રાજ્યભરથી પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં જનમેદની ઊમટશે. તેમજ મહુવા સુગર ફેક્ટરી ખાતે પણ તેઓ હાજરી આપશે અને તેઓના હસ્તે ફેક્ટરીના નવાં સાહસોનું ઉદઘાટન થશે.

ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ રૂપિયા ૨.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા થઈ હતી. આ કેસની વિગત મુજબ રાંદેર મહાવીર રેસિડેન્સીમાં રહેતાં ફરિયાદી વિનોદ રામુભાઈ પટેલ ટ્રાવેલ્સનું કામ કરે છે. તેઓના ઓળખીતા મિત્ર ભીમપોરના આરોપી મયુર જસમતભાઈ પટેલને ધંધાકીય કામ અર્થે રૂ.૨.૫૦ લાખ હાથ ઉછીના આપ્યાં હતા. જે રકમની ફરિયાદીએ ઉઘરાણી કરતાં આરોપીએ ત્રણ ચેક આપ્યાં હતા. જે ચેક અપૂરતા ભંડોળના કારણે રિટર્ન થયો હતો. ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ચેક રિટર્નની ફરિયાદ કોર્ટમાં કરી હતી.

જેની સુનાવણી કોર્ટમાં ચાલતા ફરિયાદી તરફે વકીલ ભાવેશ ડી. ચલીયાવાલા તથા હેમાંશુ મહેતાની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને રૂ.૨,૫૦,૦૦૦ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. આરોપી કોર્ટમાં હાજર નહીં રહેતા કોર્ટે આરોપી વિરુદ્ધ સજાનું વોરંટ ઈસ્યુ કરતો હુકમ કર્યો હતો.

સાપુતારામાં ડ્રોન લાઈટ શો સાથે વિન્ટર ફેસ્ટિવલનો ભવ્ય પ્રારંભ

પ્રથમ દિવસે ઇન્ડિયન આઈડલ ફેમના પ્રખ્યાત કલાકાર પવનદીપ રાજન અને ચેતના ભારદ્વાજે સ્ટેજ ગજવ્યું

સાપુતારાઃ ગિરિમથક સાપુતારા ખાતે આજથી પ્રકૃતિ અને સંસ્કૃતિ તેમજ સંગીત સાંસ્કૃતિક કાર્યક્રમના 'સાપુતારા વિન્ટર ફેસ્ટિવલ ૨૦૨૫'નો ઉદ્ઘાટન સમારોહ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન સમારોહની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતાં. જેમાં ડાંગના સ્થાનિક કલાકારો દ્વારા દેશ વિદેશમાં પ્રખ્યાત ડાંગી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

આ સાથે જ ઈન્ડિયન આઈડલ ફેમ પવનદીપ રાજન અને ચેતના ભારદ્વાજે પોતાના મધુર સંગીતના શૂર રેલાવી વાતાવરણને ખુશનુમા બનાવ્યું હતું. સાપુતારા વિન્ટર ફેસ્ટિવલમાં આજે સૌ પ્રથમવાર ભવ્ય ડ્રોન લાઈટ શોનું આયોજન કરાયું હતું. આકાશમાં રંગબેરંગી લાઈટોથી સજ્જ ડ્રોન દ્વારા સાપુતારા, એડવેન્ચર પ્રવૃત્તિઓ તથા અન્ય પ્રતિકોની રચનાઓથી પ્રવાસીઓને મંત્રમુગ્ધ કર્યા હતાં.

ડ્રોન લાઈટ શો દ્વારા આધુનિક ટેકનોલોજીનો અનોખો સમન્વય પ્રદર્શિત કરાયો હતો. ઉદ્ઘાટન સમારોહમાં, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇન, ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવિત, ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્ર